# બાયડ જિલ્લામાં યોજાયેલા કૃષિ મહોત્સવ બુમરેગ સાબિત થયા

## "ન" વાવેતર બદલાયું - કે ઉત્પાદનમાં વધારો : જૂજ ખેડૂતો આપ મહેનતથી આધુનિક ખેતી તરફ વળ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અગાઉ યોજાયેલા કૃષિ મહોત્સવો બુમરેગ સાબિત થયા છે. ગ્લોબલ વોર્મિંગ અને બદલાતા વાતાવરણ તેમજ વરસાદની અનિશ્ચિતતા વચ્ચે ખેડૂતો અનુકુળ પાકનું વાવેતર કરે તેવો આશય હતો પરંતુ કરોડો રૂપિયાના આંધણ પછી પણ જિલ્લામાં ન વાવેતર બદલાયું છે અને ન ઉત્પાદનમાં વધારો થયો હોવાથી કૃષિ મહોત્સવ બે અસર નિવડ્યા છે. જ્યારે જિલ્લાના જૂજ ખેડૂતો આપ મહેનતથી આધુનિક ખેતીમાં સફળતા મેળવી શક્યા છે. ખેડૂતોને આવક બમણી કરવા માટે કૃષિ મહોત્સવની સાથે સોઈલ હેલ્થ કાર્ડની યોજના પણ અમલમાં મૂકવામાં આવી હતી પરંતુ તે પણ ગુજરાતીઓ આરંભે સૂરા જેવી બની રહી છે.

ગ્લોબલ વોર્મિંગ અને ખેતીની દરેક સીઝનમાં બદલાતા જતા વાતાવરણના કારણે ખેડૂતો હવે આધુનિક ખેતીની પદ્ધતિ



અપનાવે તે જરૂરી બન્યું છે. ખેતરોમાં રાત-દિવસ મહેનત કરી પરંપરાગત ખેતીમાં ઉત્પાદનમાં કોઈ ખાસ વધારો થતો ન હોવાથી ખેડૂતોની સ્થિતિ ઠેરની ઠેર બની છે. જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા આયોજીત કૃષિ મહોત્સવો શરૂ કરવામાં આવતાં ખેતીમાં આમૂલ પરીવર્તન આવશે તેવું લાગતું હતું પરંતુ કૃષિ મહોત્સવો માત્ર ને માત્ર ઉજવણીરૂપ બની રહ્યા હતા જેના કારણે જિલ્લામાં દરેક સીઝનની ખેતીમાં ખેડૂતો ન વાવેતર બદલી શક્યા છે કે ન ઉત્પાદનમાં વધારો કરી શક્યા છે. કૃષિ મહોત્સવોમાં તજજ્ઞો દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાની મસમોટી વાતો કરવામાં આવ્યા પછી ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને બદલાતા વાતાવરણમાં કેવા પ્રકારનું વાવેતર કરવું જોઈએ, જમીનમાં કેવા પ્રકારના પાકનું વધુ ઉત્પાદન થઈ શકે છે તેવી પાયાની માહિતી માત્ર ઘુબ્બારારૂપ સાબિત થઈ છે. એક તબક્કે ખેડૂતોને અનુકુળ પાકના વાવેતર સાથે વધુ ઉત્પાદન મળે તેવા પ્રયાસના ભાગરૂપે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યાં હતાં જેમાં જમીનોના નમૂના લઈ પૃથ્થકરણ કરવાનો દેખાડો થોડાક સમય માટે ચલાવાયો ત્યારબાદ ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન અને દીશા સૂચવવામાં ન આવતાં ખેડૂતો પરંપરાગત ખેતી પાકોનું વાવેતર કરતા થઈ ગયા છે જેના કારણે બંન્ને જિલ્લામાં કરોડોના આંધણ પછી યોજવામાં આવેલા કૃષિ મહોત્સવોનો હેતુ સફળ થયો ન હોય તેવું પડે પડે બદલાતા વાતાવરણમાં થતા વાવેતર ઉપરથી દેખાઈ રહ્યું છે.

# ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા જિલ્લામાં માર્ગ સલામતી જાગૃતિ અભિયાન

## તમામ તાલુકામાં માર્ગ સલામત રથ પહોંચશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦ જિલ્લામાં ઉનાળો શરૂ થતાં માર્ગો લોહી તરસ્યા બન્યા છે. ત્યારે શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સાબરકાંઠાના ઈડર, વડાલી, હિંમતનગર, પ્રાંતિજ તાલુકામાં માર્ગ સલામતી માટેના વિવિધ કાર્યક્રમો યોજાયા છે. માર્ગ સલામતી માટે પ્રતિજ્ઞા, માર્ગ સલામતીની પ્રાથમિક તાલીમ, માર્ગ સલામતી માટે



આર.ટી.ઓ. કચેરી-હિંમતનગરના સંકલનમાં કાર્યક્રમ યોજયા હતા. ભારત સરકારના માર્ગ પરીવહન તથા હાઈવે વિભાગ, નેશનલ હાઈવે ઓથોરીટી, સાબરકાંઠા કલેકટર તથા આર.ટી.ઓ. ગુજરાત સરકારના માર્ગ પરીવહન કમિશનર અને સેક્રેટરીના સંકલનમાં માર્ગસલામતી જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. ઉમિયા ટ્રસ્ટ વતી ટ્રસ્ટી હર્ષ પટેલના સંકલનમાં વિવિધ કાર્યક્રમો અસરકારક રીતે યોજાયા આ સાથે માર્ગ સલામતી સાહિત્યનું ફ્રી વિતરણ, માર્ગ સલામતી માટે હું શું કરી શકું..?? એ વિષય ઉપર નિબંધ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ. ટ્રાફીક પોલીસ અને રથ પણ સાબરકાંઠાના તમામ તાલુકામાં જઈ માર્ગ સલામતી જાગૃતિ અભિયાનમાં ઉપયોગી માહિતી પહોંચાડી રહ્યો છે.

# લાટીવાળા ડી.એલ.એડ. કૉલેજ મોડાસામાં વાર્ષિક પ્રાયોગિક કાર્યક્રમ સંપન્ન થયો



મોડાસા, તા. ૨૦ શિક્ષણ અને કેળવણી ક્ષેત્રે oxford ગણાતા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના શિરમોર સમાન મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત એમ કે શાહ ડી એલ એડ કોલેજ મોડાસામાં વર્ષ દરમિયાન કરેલ શૈક્ષણિક કાર્યો અને પ્રવૃત્તિઓનું પ્રાયોગિક કાર્ય રાજ્ય પરીક્ષા બોર્ડ પ્રેરીત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર દ્વારા વાર્ષિક પ્રાયોગિક કાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતું. જેમાં ડાયટ ઈડરથી આર એલ જીતપુરા ના માર્ગદર્શન હેઠળ તેમની ટીમે ચિત્ર અને ટીએલએમ પ્રેક્ટીકલ માટે શ્રી જયંતભાઈ એ પ્રણામી જ્યારે સંગીત, શારીરિક શિક્ષણ અને કોમ્પ્યુટર માટે શ્રી ચિંતનભાઈ એન પટેલે નિરિક્ષણ કાર્ય કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. શિક્ષક બનવા થનગનતા સૌ ભાવી શિક્ષકોને કા.આચાર્ય ગીતાબેન નીનામાએ શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર આર. મોદી અને પ્રભારી મંત્રી શ્રી ધીરેનભાઈ એમ પ્રજાપતિ એ અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત ભાવસાર સમાજના પ્રમુખની સર્વાનુમતે વરણી...

રાઈગઢ, તા.૨૦ ગુજરાત ભાવસર સમાજની તાજેતરમાં મળેલી બેઠકમાં



હિંમતનગર નામાંકિત ધારાશાસ્ત્રી શ્રી ગીરીશભાઈ એડવોકેટની ગુજરાત ભાવસાર સમાજના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી થયેલ કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે કલ્પેશભાઈ ભાવસાર, જનરલ સેક્રેટરી તરીકે પ્રો.ગીરીશભાઈ ભાવસાર અને મીનાબેન ભાવસાર તેમજ ખજાનચી તરીકે અશ્વિનભાઈ ભાવસારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# બાયડમાં આજે બ્લડ ડોનેશન કેમ્પ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦ લાયન્સ કલબ-બાયડ દ્વારા આજે રવિવારે સવારે ૧૦-૦૦ કલાકે સારસ્વત હાઈસ્કુલ-બાયડ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બ્લડ ડોનેશન કરવા ઈચ્છતા દાતાઓએ ડૉ.મહેન્દ્રભાઈ બી. પટેલ તેમજ લાયન્સ કલબ-બાયડના પ્રમુખ સમીરભાઈ ડી. મિરઝા, જનરલ સેક્રેટરી કાન્તિલાલ રાઠી, ટ્રેઝરર રજાકભાઈ મનસૂરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગ્રોમોર ઈજનેરી કોલેજ-હિંમતનગરમાં 'કોડ હન્ટ' ટેકનિકલ ઈવેન્ટ યોજાઈ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર ગ્રોમોર કેમ્પસ-હિંમતનગરમાં ઈજનેરી શાખામાં કોમ્પ્યુટર અને આઈ.ટી. એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ માટે કોડ હન્ટ નામની ટેકનિકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શરૂઆતમાં એન્જીનિયરીંગ કોલેજના પ્રિન્સીપાલ પ્રો.ભરત ડી. સુથારે ઉપસ્થિત સર્વેનું સ્વાગત કર્યું ત્યારબાદ ટેકનિકલ ઈવેન્ટમાં ડિપ્લોમાં-ડીગ્રી કોમ્પ્યુટર તેમજ આઈ.ટી. એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રેક્ટીકલ નોલેજમાં સ્કીલ દેખાડી હતી. ઈવેન્ટમાં જોડાયેલા વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ તેમજ વિજેતા બનેલા પ્રથમ ૩ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. સંપૂર્ણ ટેકનિકલ ઈવેન્ટનું આયોજન કોમ્પ્યુટર અનો આઈ.ટી. એન્જીનિયરીંગના એચ.ઓ.ડી. પ્રો.મેઘલ પ્રજાપતિ, પ્રો.અંજુમન રાણાવડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું અનો પ્રો.મેઘલ પ્રજાપતિએ ટેકનિકલ ઈવેન્ટમાં જોડાવવા બદલ સર્વેનો આભાર માન્યો હતો. સંસ્થાના ટ્રસ્ટી ડૉ.બી.એલ.પટેલ, એમ.એલ.પટેલ, જે.ડી.પટેલ વગેરેએ કોડ હન્ટ ઈવેન્ટના સુંદર આયોજન બદલ ફેકલ્ટી સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# ઈન્ડીયન રેડ કોર્સ સોસાયટી ધનસુરા શાખાનું ઉદ્ઘાટન

ધનસુરા, તા. ૨૦ ઈન્ડીયન રેડ કોર્સ સોસાયટીની ધનસુરા શાખાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું જેમાં ભરતભાઈ પરમાર ઈન્ડીયન રેડ કોર્સ સોસાયટી અરવલ્લી, ધનસુરા મામલતદાર સી. જી. ઝાલા, ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પૂરણશરણદાસજી મહારાજ, ધનસુરાના સરપંચ



યશવંતભાઈ પટેલ,ધનસુરા રેડ કોર્સ સોસાયટી ના ચેરમેન મનસુખભાઈ ભગત, વાઈસ ચેરમેન ગોવિંદભાઈ. એસ.પટેલ, કાર્તિકભાઈ પટેલ ખજાનચી, લલીતચંન્દ્ર બુટાલા મંત્રી, સાબર ડેરી ના ડીરેક્ટર કાંતિભાઈ પટેલ, જિલ્લા પંચાયત ના સદસ્ય હિરેન પટેલ,જિલ્લા પંચાયત ના ઉપ પ્રમુખ કનુભાઈ,દિપકબાપુ રામદેવપુત્ર,અતુલ ભાઈ અને કારોબારી સભ્યો સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડીયન રેડ કોર્સ સોસાયટી ધ્વારા સારા કાર્યો કરવામાં આવે છે કોરોનામાં પણ માસ્ક વિતરણ જેવા કાર્યક્રમો કરાયા હતા

# કન્યા વિક્રય : ઉભરાણમાં રૂા.૧.૭૫ લાખમાં કન્યા પરણાવી યુવક સાથે છેતરપીંડી

## પૈસા ખર્ચીને લાવેલી પત્નિ બાધામાં જવાનું કહી રફુચક્કર, ૩ જણ સામે ગુનો નોંધાયો

બાયડ, માલપુર (બ્યુરો ઓફિસ) તા.૨૦ કુંવારા દિકરાને પરણાવવાના અભરખા સૌને હોય પરંતુ જિલ્લામાં કન્યા વિક્રય કરનારા દલાલોએ અનેક ગરજવાનોને લૂંટ્યા છે.

માલપુર તાલુકાના ઉભરાણ ગામના પટેલ પરિવારને કન્યા મળતી ન હોવાથી કન્યા લાવી આપતા દલાલોનો સંપર્ક થયો અને રૂા.૧.૭૫ લાખમાં કન્યા લઈ આપવાનું નક્કી કર્યું. વાજતે..ગાજતે અમદાવાદના કુબેરનગરની અંજલી ઉર્ફે ભાગ્યવતી પ્રકાશસિંહ વાઘેલા સાથે દલાલોની હાજરીમાં પરણાવવામાં આવ્યો પરંતુ ત્યાર પછી બાધામાં પિયર જઈને આવું છું તેમ કહીને રફુચક્કર થઈ જતાં પટેલ પરિવાર ઉપર વજ્રઘાતની સ્થિતિ છે. કન્યા મુદ્દે છેતરાયેલા પરિવારે ૩ જણ સામે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

જિલ્લામાં કન્યા વિક્રયનો ધિક્તો ધંધો શરૂ થયો છે. ચોક્કસ દલાલો કુંવારા યુવકોનો સંપર્ક કરી લાખો રૂપિયા પત્નિ લાવી આપવાના નામે ખંખેરી લઈ છેતરપીંડી આચરી રહ્યા છે. પરણવાની ઉંમર થવા છતાં ચોક્કસ સમાજમાં કન્યાઓની અછતના કારણે ન છૂટકે પત્નિના અભરખા પૂરા કરવામાં ક્યારેક પસ્તાવવાનો વારો આવતો હોય છે. માલપુર તાલુકાના યુવકના લગ્નનું ક્યાંય ઠેકાણું પડતું ન હોવાથી તે અમદાવાદની મહિલા દલાલના સંપર્કમાં આવ્યો હતો જેમાં યુવકને લગ્ન કરાવી આપવાની લાલચ આપવામાં આવ્યા પછી તા.૨૨-૧૨-૨૦૨૦ના સમયગાળામાં દલાલે અમદાવાદના કુબેરનગરમાં રહેતી અંજલી નામની યુવતી સાથે તેનાં લગ્ન કરાવી છેતરવાનું નાટક રચ્યું હતું જેમાં પૂર્વઆયોજીત કાવતરાના ભાગરૂપે અંજલી તેમજ તેના અન્ય સાગરીતોએ યુવક પાસેથી લગ્નના નામે રૂા.૧,૭૫,૦૦૦ની રકમ લીધી હતી. લગ્ન કર્યાના માંડ ૧૦ દિવસ વિત્યા હશે ત્યાં પૈસા ખર્ચીને લાવેલી પત્નિએ પિયરમાં બાધામાં જવું પડશે તેવો ઢાંગ રચ્યો, પત્નિને અમદાવાદ પિયર જવાની સંમતિ આપી અને પિયર ગયા પછી પરત ન આવતાં શંકા ઉપજી, વારંવાર ફોન લગાવ્યા છેવટે ફોન પણ બ્લોક કરી દીધો.

### ૧૦ દિવસમાં પત્નિ ફરાર : વ્યથિત પતિ

બાયડ : માલપુર તાલુકાના ઉભરાણમાં રૂા.૧,૭૫,૦૦૦ ખર્ચીને પરણ્યા પછી યુવકની પત્નિ ફરાર થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. વ્યથિત પતિના જણાવ્યા અનુસાર પોતે અમદાવાદની મહિલા દલાલના સંપર્કમાં આવ્યો હતો અને નક્કી કરેલી રકમ આપી હોવા છતાં ૧૦ દિવસમાં જ પત્નિ બાધાનું બહાનું કાઢી ફરાર થઈ ગયાનું જણાવ્યું હતું.

**આરોપી..**

અંજલી ઉર્ફે ભાગ્યવતી પ્રકાશસિંહ વાઘેલા
હંસાબેન ઉર્ફે ધનુબેન ઉર્ફે નેહાબેન પ્રકાશસિંહ વાઘેલા
(બંન્ને રહે.કુબેરનગર, મામાની ચાલી, અમદાવાદ)
અનિરૂદ્ધસિંહ ઉર્ફે મુન્નો ખુમાનસિંહ ગોહીલ
(રહે.ઉબરલા, તા.ગોગા, જિ.ભાવનગર)

# પ્રાંતિજ માર્કેટયાર્ડની ચૂંટણીનું પરિણામ જાહેર

## પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમ જોવા મળ્યો

- માર્કેટયાર્ડના કાર્યરત ચેરમેન સહિત બે પૂર્વ ચેરમેનોનો વિજય થયો
- સાસંદના પુત્રનો પણ વિજય
- ખેડુત વિમાગ ૧૦ સીટ અને સહકાર વિભાગની ૧ સીટનુ પરિણામ જાહેર
- વેપારી વિમાગના ચાર ઉમેદવારો અગાઉથી જ બિનહરીફ

પ્રાંતિજ તા.૨૦ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડ ની ચુંટણી બાદ આજે કુલ ૧૧ સીટો માટે નુ પરિણામ જાહેર થયુ હતુ તો પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમ જોવા મળ્યો હતો.

પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ માર્કેટયાર્ડ ખાતે ખેડુત વિભાગ ની ૧૦ સીટ અને સહકાર વિભાગ ની ૧ સીટ માટે તા.૧૯।૩।૨૦૨૧ ના રોજ માર્કેટયાર્ડ ખાતે ના ચુંટણી યોજાઈ હતી જેમા આજે તા.૨૦।૩।૨૦૨૧ ના રોજ માર્કેટયાર્ડ ખાતેજ ચુંટણી અધિકારી એ.પી.અંસારી ના માર્ગદર્શન હેઠળ સવાર ના - ૯ કલાક થી મતગણતરી હાથધરવામા આવી હતી જેમા વેપારી વિભાગ ની ચારેય સીટો અગાઉ થીજ બિનહરીફ જાહેર કરવામા આવી હતી જેમા (૧) પટેલ અલ્પેશ કુમાર કરશનભાઈ (૨) મોદી મુકેશ કુમાર દશરથલાલ (૩) શાહ પ્રકાશ ચંદ્ર ભંવરલાલ (૪ ) શાહ મેહુલ કુમાર વસંતલાલ નો બીન હરીફ જાહેર કરવામા આવ્યા હતા તો ખેડુત વિમાગ મા ૧૦ સીટો માટે યોજાયેલ ચુંટણી મા ૨૦ ઉમેદવારો માથી દશ ઉમેદવારો નો વિજય થયો હતો જેમા (૧) પટેલ ગીરીશભાઈ શંકરભાઈ (૨) પટેલ અમૃતભાઈ કેશાભાઈ (૩) પટેલ અરવિંદભાઈ



નાથાભાઈ (૪) પટેલ દિનેશભાઈ વરવાભાઈ (૫) પટેલ ભોગીલાલ રમણલાલ (૬) પટેલ કુણાલ કુમાર કાન્તિભાઈ (૭) ચૌહાણ કાળુસિંહ રામસિંહ (૮) પટેલ મહેશભાઈ કાન્તિભાઈ (૯) પટેલ શૈલેષભાઈ હરગોવનદાસ (૧૦) રાઠોડ રણજીતસિંહ દીપસિંહ નો વિજય થયો હતો તો સહકાર વિભાગ મા એક સીટ માટે ચાર ઉમેદવારોએ ઉમેદવારી કરી હતી જેમા માર્કેટયાર્ડ ના ચેરમેન પટેલ રાજેશકુમાર મણીલાલ નો વિજય થયા હતા તો પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમ જોવા મળ્યુ હતુ તો માર્કેટયાર્ડ ના કાર્યરત ચેરમેન પટેલ રાજેશકુમાર મણીલાલ અને બે પૂર્વ ચેરમેન પટેલ ભોગીલાલ રમણલાલ અને પટેલ દિનેશભાઈ વરવાભાઈ નો વિજય થયો હતો તો સાબરકાંઠા-અરવલ્લી સાસંદ ના પુત્ર રાઠોડ રણજીતસિંહ દીપસિંહ નો પણ વિજય થયો હતો તો ચુંટણી અધિકારી એ.પી.અંસારી તથા માર્કેટયાર્ડના સેક્ટરી શૈલેષભાઈ પટેલ દ્વારા મતગણતરી ને લઈ ખુબજ સુદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# પ્રાંતિજના બાલીસણા ખાતે ચિત્રિણી નર્સિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા લોક જાગૃતિ કાર્યક્રમ યોજ્યો

પ્રાંતિજ તા.૨૦ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ના તાલીમાર્થીઓ દ્વારા લોક જાગૃતિ કાર્યક્રમ યોજયો હતો જેમા બાલીસણા ગામજનો ને કોરો ના રશીકરણ ની માહિતી આપવામા આવી હતી.

પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજના બી.એચ.સી. નર્સિંગના ચોથા વરસના વિધાર્થીઓ અને વિધાર્થિનીઓ નો પ્રાંતિજ તાલુકાના બાલીસણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટીગ તાલીમના કાર્યક્રમ દરમિયાન આજે



બાલીસણા ગામની માધ્યમિક શાળામાં કોરોના રશીકરણ જાગૃતિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાલિસણા ગામના સરપંચ અને ગ્રામજનો તેમજ બાલીસણા પ્રા્.આ.કેન્દ્રના ડો.યાદવ.પ્રાતિજ ચિત્રાણી નર્સિંગ કોલેજના સંચાલક અરવિંદભાઈ પટેલ, આચાર્ય નરેન્દ્રભાઈ શર્મા, સ્કૂલોના આચાર્યો અને સ્ટાફ તેમજ વિવિધ સંસ્થાઓ ના પ્રતિનિધિ ઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કોરોના રશીકરણ અને તેના લાભો તેમજ જાગૃતિ અંગેના નાટકો તેમજ સંવાદો દ્વારા રશીકરણ લોકજાગૃતિ અંગેની સમજણ તાલીમાર્થીઓ દ્વારા ગ્રામજનોને આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



રૂદ્ર ઘનશ્યામભાઈ નાયક
હિંમતનગર, (મહાવીરનગર)